હરિની દૃષ્ટિ...

કોઈ તોફાન ન કરો... મેકઈન ઈન્ડિયામાં લાગી જાવ... મોદીજીને રીક્વેસ્ટ કરી દીધી છે... યુનાઈટેડ નેશન્સમાં જઈ આખા ઈન્ડિયાને અનામત જાહેર કરી દેવડાવો... બસ ખુશ...?

એન.આઈ.સી.એમ. ઈન્સ્ટિટ્યૂટ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના ચ-૦ સર્કલ નજીક આવેલ એન.આઈ.સી.એમ. ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફેકલ્ટી, કોલેજ સ્ટાફ સહિત વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં રક્તદાન કરતા ૩૦ બોટલ રક્ત એકત્ર થયું હતું.

ગાંધીનગરના પાદરે આવેલ એન.આઈ.સી.એમ. ઈન્સ્ટીટ્યુટ અને રેડક્રોસ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. સવારથી બપોર સુધીમાં કોલેજના વિદ્યાર્થીઓ, ફેકલ્ટી તેમજ કર્મચારીઓએ રક્તદાન કરતા ૩૦ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. આ એકત્ર કરેલુ રક્ત બ્લડ કેન્સર તેમજ અન્ય દર્દથી પીડાતા જરૂરીયાતમંદ વ્યક્તિને આપવામાં આવશે. આ કેમ્પમાં રેડક્રોસ સોસાયટીના ૬ સભ્યોએ સેવા બજાવી હતી. રક્તદાતાઓને બ્લડ ડોનેશન બાદ ચા-કોફી અને બિસ્કીટ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે કેમ્પસમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

કૌશલ્ય વર્ધન કેન્દ્ર રાંધેજા-રૂપાલ ખાતે ડ્રાઈવીંગ કોર્ષનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૧

ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગર સંચાલિત કૌશલ્ય વર્ધન કેન્દ્ર રાંધેજા રૂપાલ ખાતે ડ્રાઈવીંગ કોર્સનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ડ્રાઈવીંગ કોર્સના પ્રારંભથી આસપાસના ગામના ગ્રામજનો તેમજ યુવાનોને લાભ મળશે. ડ્રાઈવીંગ કોર્ષ માટે મહિલા એસ.સી./એસ.ટી. ઉમેદવારો માટે માત્ર રૂ. ૨૫૦ ફી જયારે અન્ય ઉમેદવારો માટે રૂ. ૫૦૦ ફી રાખવામાં આવી છે.

સંસ્થા દ્વારા યોગ્ય અને પધ્ધતિસરનું ડ્રાઈવીંગ શીખવામાં આવશે. ડ્રાઈવીંગ કોર્ષ માટે ઈચ્છીત ઉમેદવારોએ લર્નીંગ લાયસન્સ માટે ૨ ફોટોગ્રાફસ તેમજ શૈક્ષણિક પ્રમાણપત્રો સાથે સંસ્થાના કો. ઓર્ડીનેટરનો ૯૭૨૬૨૨૦૩૩૦ પર સંપર્ક કરવો.

વીરમાયા જન્મ જયંતિ નિમિત્તે વીરમાયા કાર્યસંગ્રહનું પાટણમાં લોકાર્પણ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

વીરમાયા સ્મારક સમિતિ ગુજરાત વણકર સમાજના મંત્રી અને એડવોકેટશ્રી કે.આઈ. પટેલના જણાવ્યા મુજબ ૨૨મી સપ્ટમ્બરના બપોરે ૧ વાગે વીરમાયા જન્મ જયંતિ દિવસે વીરમાયા કાવ્ય સ્પર્ધામાં ઈનામ વિતરણ અને કાવ્યસંગ્રહનો લોકાર્પણ સમારોહ પાટણમાં યોજવામાં આવેલ છે. મુખ્ય મહેમાનપદે અનુસૂચિત કલ્યાણ સામાજિક ન્યાય અધિકારીતા-વિભાગીય સંસદથી સચિવશ્રી જેઠાભાઈ સોલંકી ઉપસ્થિત રહેશે. ગુજરાત હરિજન સેવક સંઘના પ્રમુખશ્રી જયેશભાઈ પટેલ હાજર રહેશે. સંસ્થાના તમામ હોદેદારો, દલિત કવિશ્રીઓ, આમંત્રિતશ્રીઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

ઓઝોન ડે નિમિત્તે યોજાયેલ સ્પર્ધામાં ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીઓ જોડાઈ

ગાંધીનગર, તા. ૨૧

'ગેમી' દ્વારા ઓઝોન-ડેની ઉજવણી તાજેતરમાં ધામધૂમથી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કવીઝ સ્પર્ધા, સ્લોગન સ્પર્ધા, પોસ્ટર મેકીંગ અને વકતૃત્વ સ્પર્ધાનો સમાવેશ થાય છે. આ ઓઝોન ડે નિમિત્તે યોજાયેલ સ્પર્ધામાં પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની ૧૮ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. તમામ સ્પર્ધામાં ચૌધરી કોલેજની બહેનોએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. તમામ વિદ્યાર્થીનીઓને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સુંદર સંચાલન પ્રા. તારાબેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યા ડૉ. ઉર્મીલાબેન ચૌધરીએ તમામ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર ખાતે સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને સીધા ધિરાણ યોજના હેઠળ ૩.૪૦ કરોડના ચેક અપાયા

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યના સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને પરંપરાગત વ્યવસાયમાંથી મુક્ત કરી તેઓ સ્વમાન અને ગૌરવભેર સામાજિક અને આર્થિક વિકાસના પથ પર કૂચ કરી શકે તે હેતુથી આજે ગાંધીનગર ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાના હસ્તે રાજ્યના ૪૨૩ સફાઈ કામદારો અને તેમના આશ્રિતોને સીધા ધિરાણ યોજના હેઠળ રૂ. ૩ કરોડ ૪૦ લાખના ચેક આપવામાં આવ્યા હતા.

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણા અને વિકાસ નિગમ, નવી દિલ્હી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે રાજ્યના જુદા જુદા જિલ્લાઓના લાભાર્થીઓને લોન/ધિરાણ/ઓટોરિક્ષા અને ટ્રેક્ટર અંગેના ચેક વિતરણ સમારોહમાં મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે સફાઈ કામદારો શૈક્ષણિક અને

આર્થિક રીતે સમૃદ્ધ બને તેવા હેતુથી આજે નિગમ દ્વારા ૪૨૩ જેટલા લાભાર્થીઓને રૂ. ૩.૪૦ કરોડ જેટલી માતબર રકમ લોન સહાય પેટે આપવામાં આવી રહી છે. અગાઉ જેમને રોજગારી-શિક્ષણ જેવા ઉદ્દેશ્યથી લીધેલી લોનની રકમ પરનું લેવાતુ ૪ ટકા વ્યાજ અને દંડનીય રકમ ચાલુ વર્ષે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ જન્મ જયંતિ નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા માફ કરવામાં આવશે, તેમાં માત્ર હવે મુદ્દલ જ ભરવાની રહેશે. આ બાકી વ્યાજ અને દંડનીય રકમ રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવશે. સમગ્ર ભારતમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલા સ્વચ્છતા અભિયાને સફાઈ કામદારોના કાર્યને વધુ સરળ બનાવી બળ આપ્યુ છે. રાજ્ય સરકારે આગામી ૨૦૧૮ સુધીમાં તમામ નગરપાલિકાઓના વિસ્તારને સ્વચ્છ બનાવવાનું લક્ષ્યાંક નક્કી કર્યું છે. સફાઈ કામદારોનું સફાઈ અભિયાન હવે રાજ્ય-રાષ્ટ્રીય કક્ષાએ પહોંચ્યું છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રારંભ કરાયેલી પીએમ જીવન જ્યોતિ વીમા યોજના, પીએમ સુરક્ષા વીમા યોજના હેઠળ વિવિધ વીમા કવચ તેમજ પીએમ મુદ્રા યોજના હેઠળ વિવિધ રોજગારલક્ષી લોનનો મહત્તમ લાભ લેવા મંત્રીશ્રીએ ઉપસ્થિત સફાઈ કામદારોને અનુરોધ કર્યો હતો.

આ ચેક વિતરણ સમારોહમાં દસાડાના ધારાસભ્યશ્રી પૂનમભાઈ મકવાણા, ગુડાના ચેરમેન શ્રી આશિષકુમાર દવે, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હિનાબહેન પટેલ, નિગમના ડિરેક્ટરો, ગાંધીનગર મનપાના કોર્પોરેટરો સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બલરામ જયંતિ : ભારતીય કિસાન સંઘના કાર્યાલય ખાતે ખેડૂતોના ઈષ્ટ દેવ બલરામજીની જન્મજયંતિની ઉજવણી ધામધૂમથી કરાઈ હતી. સેક્ટર-૧૨ સ્થિત બલરામ ભવન ખાતે દિવસ દરમિયાન મહિલાઓના ભજનનો કાર્યક્રમ તથા કિસાનોના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચાઓ, પરિસંવાદો જેવા અભ્યાસકીય કાર્યક્રમો યોજાયા હતા. દિવસ દરમિયાન આસપાસના વિસ્તારના સેંકડો ખેડૂતોએ બલરામ ભવનની મુલાકાત લીધી હતી. (તસવીર : દિપક જાની)

આજે સેક્ટર-૨૨ રંગમંચ ખાતે અદ્‌ભુત યોગનૃત્ય નિદર્શન યોજાશે

કુલ છ ટીમો યોગ નૃત્ય નિદર્શન પ્રસ્તુત કરશે : ચીનમાં વર્લ્ડ યોગ ચેમ્પિયનશીપ વિજેતા ટીમના સભ્યો પણ સામેલ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સે. ૨૨ના રંગમંચ ખાતે યોજાયેલ સાર્વજનિક ગણેશોત્સવમાં મંગળવારે યોગ એન્ડ કલ્ચરલ એસોસિએશન ઓફ ગુજરાત અને લકુલિશ યુનિવર્સિટી દ્વારા અદ્‌ભૂત અને નયનરમ્ય યોગનૃત્ય નિદર્શનનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ચીનમાં યોજાયેલ વિશ્વ યોગ ચેમ્પિયનશીપમાં વિજેતા ગુજરાતની ટીમના સભ્યો ભાગ લેનાર છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અનુગ્રહથી તા. ૨૧મી જુનને વિશ્વ યોગ દિવસ જાહેર કરાયો અને દેશભરમાં આ દિવસે યોગના વિક્રમી કાર્યક્રમો યોજાયા હતા. દિલ્હીમાં વડાપ્રધાને જાતે યોગાસનો કર્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાતમાંથી જુનાગઢની ટીમે યોગ નૃત્યનું નિદર્શન કર્યું હતું. આ ટીમ ઉપરાંત અન્ય પાંચ ટીમો જે સે. ૨૨ના રંગમંચ ખાતે પરફોર્મ કરશે તેમાં જામજોધપુર, સુરત, ભાવનગર, અમદાવાદ અને કડીનો સમાવેશ થાય છે. લકુલિશ યોગ યુનિવર્સિટીના લાઈફ મિશન દ્વારા તૈયાર કરાયેલ વિવિગ યોગ નૃત્યોની તાલીમ પામેલ આ ટીમે દિલધડક કરતબો સાથે કાર્યક્રમ પ્રસ્તુત કરશે. જામજોધપુરની ટીમ થાળી પર યોગાસનો કરી બતાવશે.

યોગ નૃત્યમાં સંગીત સાથે વિવિધ યોગાસનો અને નૃત્યનો સમન્વય કરવામાં આવ્યો છે. આ સમન્વયમાં દરેક યોગાસન ૩ થી ૮ મિનિટનું કરવામાં આવે છે. યોગાસનોમાં વિવિધ માનવ પિરામિડ પણ બનાવવામાં આવે છે. ગાંધીનગર જિલ્લાના કડીની ટીમના સભ્ય પૂજા પટેલ અને ભાવનગરની ભૂમિ ગાંધી વર્લ્ડ ચેમ્પિયનશીપમાં બે બે ગોલ્ડ મેડલ જીતી ચુકી છે.

એચ-ટાટ પ્રશ્નપત્રમાં અનેક છબરડાથી નારાજગી ફેલાઈ

ગાંધીનગર, તા. ૨૧

સરકારી પ્રાથમિક શાળાઓમાં આચાર્ય બનવા માટેની એચ-ટાટની પરીક્ષા રવિવારે લેવામાં આવી હતી. જો કે આ પરીક્ષામાં ફરી એકવાર ભાષાનાં વ્યાપક છબરડાઓ સામે આવ્યા છે. જેનાં કારણે ભાવિ આચાર્યોમાં નારાજગી વ્યાપી જવા પામી છે. તેમજ આગામી સમયમાં આવી ભુલ ન થાય તેની તકેદારી રાખવા માટે માંગ કરવામાં આવી હતી. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયમાં રવિવારે એચ-ટાટની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષાનાં પેપરમાં વ્યાપક પ્રમાણમાં વ્યાકરણ અને જોડણીની ભુલો હોવાનું સામે આવ્યું છે. ખાસ કરીને વિરામ ચિન્હોની પણ ભુલો મોટા પ્રમાણમાં સામે આવી હતી. પ્રશ્નપત્રમાં ત્રિકોણખુણાઓનાં એક પ્રશ્નમાં લઘુકોણને બદલે ભુલથી લધુકોણ છપાઈ ગયું હતું. તો અનેક વિકલ્પોમાં વિરામ ચિન્હોની ભુલ રહી ગઈ હતી. મોબાઈલના બ્લ્યુ ટુથને બદલે પ્રશ્નપત્રમાં બ્યુ ટુપ છપાઈ ગયું હતું. જ્યારે શાળા વ્યવસ્થાપન સમિતિના અંગ્રેજી ટુંકા નામ એસએમસ (સ્કુલ મેનેજમેન્ટ કમિટિ)ના બદલે એસએમઈ છપાઈ ગયું હતું.

આ ઉપરાંત પ્રશ્નપત્રનાં એક પ્રશ્નમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિવિધ યોજનાઓ છાપવામાં આવેલી હતી. જેમાં સ્માર્ટ સિટી, વિકાસ

● અનુસંધાન પાના - ૭ પર

દહેગામ તાલુકા પંચાયત કચેરીની ખંડેર હાલત

હરસોલી, તા. ૨૧

દહેગામ તાલુકા પંચાયત કચેરીના મકાનમાં છેલ્લા ઘણા સમયથી જરૂરી પાયાની સુવિધા અને સ્વચ્છતાના અભાવે કચેરીમાં ફરજ બજાવતા અધિકારીઓ કર્મચારીઓ ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે. હાલ ચોમાસાની સીઝનમાં આ કર્મચારીઓએ વરસાદ પડતો હોય અને કાગળ પલળતા હોય તેમ છતાં પણ ના છૂટકે કચેરીમાં બેસી કામકાજ કરવાની ફરજ પડે છે. ત્યારે જિલ્લાકક્ષાએથી આ મામલે કાર્યવાહી કરવામાં આવે તેવું બિચારા અધિકારી ઈચ્છી રહ્યા છે.

દહેગામ તાલુકા પંચાયત કચેરીમાં તાલુકા કક્ષાના વિસ્તરણ સહકાર અને સર્કલ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા અધિકારીઓ શાખાઓ આવેલી છે. જ્યાં દરરોજ અસંખ્ય અરજદારની અવર-જવર રહે છે. પરંતુ છેલ્લા ચાર માસથી આ કચેરી સાવ ખંડેર બની ગઈ છે અને

ત્યાં જરૂરી પાયાની સુવિધા કે છતના પણ ઠેકાણા નથી. પરિણામે કચેરીમાં કામ કરતા અધિકારીઓને બધી સીઝનમાં પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

જ્યારે ચોમાસાની સીઝનમાં તો વરસતા વરસાદમાં પણ બેસી રહી કામકાજ કરવાનો વારો આવે છે. આ સમગ્રમામલે કચેરીના અધિકારીઓએ જિલ્લાકક્ષાએ અનેક લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. તેમ છતાં કોઈ અધિકારીઓ દરકાર લેવા પણ તૈયાર નથી. થોડા સમય અગાઉ દહેગામ તાલુકા પંચાયતના વિપક્ષના નેતાની ઓફીસની આવી જ ખંડેર હાલત હતી. આથી વિપક્ષના નેતાએ રજૂઆત કરતા તુરંત તંત્રએ કાર્યવાહી હાથ ધરી નવી ઓફિસ બનાવી આપી હતી. જ્યારે સરકારી અધિકારીઓની રજૂઆત ટલ્લે ચઢાવી ન્યાય સમિતિના ચેરમેનની ઓફિસ બહાર વિસામો અપાયો હોય તેમ આ અધિકારીઓ કામગીરી કરી રહ્યા છે.

હલદી કંકુ : સાર્વજનિક ગણેશોત્સવની ઉજવણીના અંતર્ગત સોમવારે બપોરે મહિલાઓ માટે હલદી કંકુનો કાર્યક્રમ યોજાયો હતો. જ્યોતિ મહિલા મંડળ અને ગણેશોત્સવ સમિતિના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમાં આરતી શણગાર, શ્રીફળ શણગાર અને ગરબા શણગારની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે શહેરની મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

શિક્ષણનીતિ અંગે નિષ્ણાંતોના જરૂરી સૂચનો આમંત્રિત કરાયા

ગાંધીનગર, તા. ૨૧

કેન્દ્ર સરકારની સુચિત નવી શિક્ષણ નીતિ તૈયાર કરવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે, ત્યારે આ સુધારા અંતર્ગત શિક્ષણ સાથે વિવિધ રીતે સંકળાયેલાઓને સુચિત ૩૩ વિષયોમાં પ્રશ્નોતરી આધારિત એમના મંતવ્યો એક સપ્તાહમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને મોકલી આપવા જણાવાયું છે. આ ઉપરાંત સામાન્ય લોકો પણ વેબસાઈટ મારફતે પોતાનાં સુચનો રજુ કરી શકે છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ અત્યારે સમગ્ર દેશમાં ઈ.સ.૧૯૮૬માં ઘડવામાં આવેલી અને ઈ.સ.૧૯૯૨માં સુધારેલી શિક્ષણ નિતિ અમલમાં છે. આ શિક્ષણ નિતીમાં છેલ્લા ૨૩ વર્ષથી કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ત્યારે હવે વર્તમાન સમયની માંગને આધારે કેન્દ્ર સરકારે નવી શિક્ષનીતિના ઘડતરની રાષ્ટ્ર વ્યાપી કવાયત હાથધરવામાં આવી છે. જે માટે તાલુકા સ્તરેથી કેન્દ્ર સ્તર સુધી નવતર અભિગમ હાથધરવામાં આવ્યો છે. શિક્ષણનિતીના ઘડતરમાં પાર્ટિસિપેટિવ પોલીસી મેકિંગની પહેલ અંતર્ગત સામાન્ય નાગરિક પણ ઓનલાઈન મંતવ્યો આપી શકે છે. વર્તમાન વૈશ્વિક પ્રવાહો સાથે કદમ મિલાવવા માટે શિક્ષણનિતિના ક્રાંતિકારી પરિવર્તન જરૂરી છે. ત્યારે શિક્ષણ સાથે સંકળાયેલા બધા લોકો આ તકને ઝડપી લે અને અસરકારક શિક્ષણનિતીના ઘડતરમાં પોતાના અનુભવ આધારિત સલાહસુચનો આપે તેવા પ્રયત્નો કરવા માટે જિલ્લા શિક્ષણાધીકારીઓ ને સુચનો આપવામાં આવ્યા છે. આ માટે જે સુચનો અત્યાર સુધી પ્રાપ્ત થયા છે. તેમાં શિક્ષકોના માથેથી શિક્ષણેતર કાર્યક્રમોનું ભારણ ઘટાડવા અનુરોધ, શિક્ષકો વાલીઓ બાળકોના શિક્ષણ માટે જાગૃત કરી શકે એ માટે સંકલનકારની ભુમિકા ભજવી શકે એવી જોગવાઈનો શિક્ષણ નિતિમાં સમાવવી, નવી શિક્ષણ નિતીમાં ઈનોવેશનને અગ્રતા આપવા પણ ભલામણ કરાઈ છે. જે અંતર્ગત અત્યાર સુધી અનેક સુચનો પ્રાપ્ત થયા છે. ત્યારે જિલ્લા પ્રમાણે દરેક સુચનોનું વર્ગીકરણ કરીને કેન્દ્ર સરકારના માનવસંશાધન વિભાગને મોકલવાનાં રહેશે.

ખૂણે ખાંચરેથી...

● જી-સ્વાનનું નેટવર્ક વારંવાર ખોરવાઈ જતા હોવાની વધતી ફરિયાદો બાદ તંત્ર પણ લાચાર બન્યું છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જ પાણી આવતુ નહિ હોવાની દર્દીઓએ મંત્રીને કરી ફરિયાદથી મંત્રી પણ ચોંક્યા.

● ગાંધીનગર કલેકટર કચેરીની બહાર આજે વધુ એક અધિકારીની ગાડીના કાચ તોડી ચોરી કરવાની બીજી ઘટના લોકજીભે કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ચર્ચાનો મુદ્દો બની હતી.

● ગાંધીનગર સહિત આસપાસના વિસ્તારોમાં ગણેશ વિસર્જનને લઈ ટ્રાફિક જામ થતાં ગાંધીનગરાઓ ફસાયા હતા.

● અંબાજી જતા પદયાત્રીઓને ચ-૦ ના સર્કલે પંચદેવ યુવક મંડળના સેવા કેન્દ્ર પર શીરાનો પ્રસાર અપાયો હતો તો પંચાયત નજીકના સેવા કેન્દ્ર પર ખીચડી કડીનો પ્રસાદ અને રાંધેજા નજીક વકીલોના સેવા કેન્દ્ર પર પણ પ્રસાદમાં મહાપ્રસાદ તો બાપુનગર સેવાકેન્દ્રમાં પૂર્ણ ભોજન પીરસાયું હતું.

● જિલ્લાતંત્ર છેલ્લા ત્રણ વર્ષમાં થયેલા વિકાસના કામોનો હિસાબ આપતાં ''ગતિશીલ ગુજરાતનું પ્રગતિશીલ ગાંધીનગર'' નામની વિકાસ પુસ્તિકા તૈયાર કરવામાં વ્યસ્ત બન્યું છે.

● સહયોગ સંકુલમાં પણ ગણેશ સ્થાપન કરવામાં આવ્યું છે. આરતી અને પ્રસાદ સવાર સાંજ કર્મચારીઓ દ્વારા કરવામાં આવે છે.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની બહેનોનો ટેકવેન્ડો સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત સ્ટેટ એમેચ્યોર એસોસિએશન ટેકવેન્ડો તરફથી ડાંગ જિલ્લા ટેકવેન્ડો એસોસિએશન દ્વારા તાજેતરમાં ડાંગ ખાતે ટેકવેન્ડો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં અમારી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની ૩ ખેલાડી બહેનો ચૌધરી નિપા એ. - ગોલ્ડ મેડલ, પુરાણી તૃષાએ સિલ્વર મેડલ અને ચૌધરી રીપલ જે. એ પણ સિલ્વર મેડલ મેળવીને કોલેજને ગૌરવ અપાવ્યું છે. આ ત્રણેય ખેલાડી બહેનોને કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન સી. ચૌધરી તથા અમારી કોલેજનો સમગ્ર પરિવાર ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

વરસાદના કારણે વાસણા બેરેજના દરવાજા ખોલાયા

અમદાવાદ, તા. ૨૧

અમદાવાદમાં ૩ દિવસથી થઈ રહેલા ધીમા વરસાદને પગલે તંત્રએ તકેદારીનાં પગલા લીધા છે. ધીમા છતાં સતત પડી રહેલા વરસાદને જોતા વાસણા બેરેજના દરવાજા ત્રણ ફુટ ખોલી દેવાયા છે. સામાન્ય રીતે વાસણા બેરેજની દરવાજાની સપાટી ૧૩૫ ફુટ રાખવામાં આવે છે.

પરંતુ જ્યારે વરસાદ પડે ત્યારે કોઈ નુકશાન ના થાય તેવી તકેદારી જાળવતા સપાટી ૧૩૨ ફુટ કરી દેવામાં આવે છે. તો બીજી બાજુ ધીમી ધારે થઈ રહેલા વરસાદનાં પગલે ભુવાની સમસ્યા પણ સર્જાઈ છે દાણીલીમડામાં વેકુંઠધામ બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે ભુવો પડ્યો છે અને સાથે જમીન બેસી ગઈ હોવાની શક્યતા પણ સેવાઈ રહી છે. હાલ તો તંત્રએ ભયનું બોર્ડ લગાવી બેરીકેટ મૂકી દીધા છે. પરંતુ આ પ્રકારે પડતા ભુવા તંત્રની અવ્યવસ્થાનો નિદોષ લોકો ભોગ બનતા હોય છે.